


## વડીલોને વંદન અભિનંદન


અમૃતલાલ ગંગારામ મોઢ
(૧૯૩૭)ફોનઃ૨૩૨૨૪૩૦૫


શિવકુમાર અંબાલાલ વર્મા
(૧૯૩૭)ફોનઃ૨૩૨૨૮૮૭૬


બાલુભાઈ સેંધાભાઈ ઓઝા
(૧૯૩૮):૨૩૨૨૪૩૨૮


શૈલેષકુમાર શંકરલાલ પંડ્યા
(૧૯૪૪)ફોનઃ૨૩૨૨૧૭૯૦


રમેશચંદ્ર જગજીવનદાસ ત્રિવેદી
(૧૯૪૨):૨૩૨૨૮૪૪૫


બીના જી. કોટાઈ
(૧૯૩૮)મો.૯૪૨૭૪૦૧૮૪૪

### ભવ્ય સંકલ્પ સાથે ભાજપ લોકો સમક્ષ છે

# ડૂબતી નૈયાને છોડી દેવામાં જ કોંગ્રેસીઓને ભલાઈ લાગે છે

## વિરમગામ-ચોટીલામાં જંગી જાહેરસભાઓમાં મુખ્યમંત્રી મોદીના કોંગ્રેસ ઉપર પ્રહારો : કોંગ્રેસે વિશ્વાસ ગુમાવ્યો

અમદાવાદ, તા. ૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિરમગામ, ચોટીલા અને પોરબંદરમાં ભાજપાનું ચૂંટણી અભિયાનમાં કોંગ્રેસે જનતાનો વિશ્વાસ ગુમાવી દીધો હોવાનું જણાવ્યું હતું. હતાશામાં ડૂબી ગઈ છે અને ગુજરાતની જનતાના ભવિષ્યની ચિંતા કરવાને બદલે કોંગ્રેસ એના અસ્તિત્વ માટે હવાતીયા મારી રહી હોવાનો પણ કટાક્ષ કર્યો હતો.

ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં નરેન્દ્ર મોદીએ આજે બપોરથી તેમનું ચૂંટણી અભિયાન ખૂબ વેગીલું બનાવ્યું હતું. કોંગ્રેસની ગુજરાતની જનતા પ્રત્યેની નકારાત્મક ભૂમિકા અંગે તેમણે આકરા પ્રહારો કરતા વિરમગામમાં જણાવ્યું હતું કે, ભાજપાએ તો જનતાનો ભરોસો મેળવી લીધો છે જ્યારે કોંગ્રેસ જનતાને મોઢું બતાવી શકે એમ નથી. આગામી પાંચ વર્ષ માટેના ભવ્ય ગુજરાતના સંકલ્પો લઈને ભાજપા જનતા સમક્ષ પહોંચી છે એમ તેમણે જણાવ્યું હતું.

ચોટીલામાં વિશાળ જનમેદનીનું અભિવાદન કરતા નરેન્દ્ર મોદીએ ગુજરાતનું સુકાન જેને જનતાએ ૧૧ વર્ષમાં પૂરેપૂરો પારખી લીધો છે. ઓળખી લીધો છે. તેમને જ સોંપવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના અજાણ્યા હાથમાં ગુજરાત સલામત રહી શકે નહીં. કોંગ્રેસે દેશને લૂંટ્યો છે હવે ગુજરાતની જનતાની ગાંધીનગરની તિજોરી ઉપર તેનો પંજો મૂકવો છે પણ જનતા એવો પાઠ ભણાવે છે કે કોંગ્રેસ ભ્રષ્ટાચાર અને સત્તાભૂખની ખો ભૂલી જાય. નરેન્દ્ર મોદીએ તેમને ગુજરાતના મજૂર મુખ્યમંત્રી તરીકે ગણાવતા જણાવ્યું કે ૧૧-૧૧ વર્ષથી તેમણે એક પણ દિવસ આરામ કર્યો નથી. માત્ર ને માત્ર ગુજરાતના ભલાની, વિકાસની ચિંતા કરી છે. કોંગ્રેસની હાલત અત્યારે ગુજરાતમાં એવી થઈ છે તેના નાવડામાં રહીને ડૂબવા કરતા એને છોડી દેવાની હોડ જાગી છે. કાર્યકર્તાઓથી કોંગ્રેસી નેતાઓ ડરીને મોઢું સંતાડી ભાગતા ફરે છે. આ કોંગ્રેસે જનતાનો ભરોસો જ ચૂંટણી પહેલા ગુમાવી દીધો છે. આ કોંગ્રેસને કોઈ કાળે ગુજરાત મળવાનું નથી એમ તેમણે જણાવ્યું હતું.

### ગાંધીનગરમાં ૧૪.૬ ડિગ્રી તાપમાન

# સામાન્ય ઠંડી હજુય યથાવત રહી : નલિયામાં ૯.૬ ડિગ્રી

## પવનની ગતિ થોડીક વિશેષ રહેવાની હવામાન વિભાગની આગાહી : વહેલી પરોઢે કડકડતી ઠંડીનો અનુભવ થયો

અમદાવાદ, તા.૩

આજે પણ કચ્છનું નલિયાનું લઘુત્તમ તાપમાન ૯.૬ ડિ.સે. નોંધાતા ત્યાં ઠંડીનો ચમકારો વર્તાયો હતો. આ ઉપરાંત રાજ્યના મોટા ભાગના શહેરોમાં સામાન્ય ઠંડી યથાવત રહી હતી. ઠંડીની સાથે સાથે પવનની ગતિમાં પણ સામાન્ય વધારો થતો હોવાથી નલિયાવાસીઓ પરેશાન થઈ ગયા હતા. જ્યારે અમદાવાદનું લઘુતમ તાપમાન પણ ૧૪.૮ ડિગ્રી નોંધાતા લોકોએ વહેલી પરોઢે કડકડતી ઠંડીનો અહેસાસ કર્યો હતો. દરમ્યાન હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાકમાં ઠંડીનું વર્તમાન મોજું જળવાઈ રહેશે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી ઠંડી આજે પણ યથાવત રહી હતી. આ ઉપરાંત છેલ્લા ઘણા દિવસથી ઉત્તર ભારતમાં પડી રહેલી ઠંડીની અસર પણ ગુજરાત પર વર્તાઈ રહી છે. ત્યારે આજે રાજ્યના મોટા ભાગના શહેરોના લઘુત્તમ તાપમાન ૧૩ થી ૧૬ડિ.સે.ની આસ-પાસ નોંધાતા વહેલી પરોઢે ઠંડીનો ચમકારો વર્તાયો હતો. આ ઉપરાંત સવારે ૧૨ થી ૧૪ કિ.મી ઝડપે પવન ફુંકાયો હતો જેથી વહેલી સવારે અને મોડી રાત્રે લોકોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. દરમ્યાન હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાકમાં રાજ્યભરમાં ઠંડીનું વર્તમાન મોજું જળવાઈ રહેશે તથા પવનની ગતિ થોડીક વિશેષ રહેવાને કારણે ઠંડીનો ચમકારો જણાશે. આજે રાજ્યનાં મુખ્ય શહેરોનાં લઘુતમ તાપમાનમાં અમદાવાદમાં ૧૪.૮ ડિ.સે., વડોદરા ૧૬.૪ ડિ.સે., રાજકોટ ૧૪.૨ ડિ.સે., સુરત ૧૮.૮ ડિ.સે., ભુજ ૧૫ ડિ.સે., પોરબંદર ૧૯ ડિ.સે., ઓખા ૨૧.૮ ડિ.સે., દ્વારકા ૧૮.૬ ડિ.સે., ભાવનગર ૧૭.૫ ડિ.સે. તેમજ ગાંધીનગરનું લઘુતમ તાપમાન ૧૪.૬ ડિ.સે. નોંધાયું હતું.

## ખેડબ્રહ્માની સીટ માટે ૧૦ ઉમેદવારો વચ્ચે જંગ જામશે

ખેડબ્રહ્મા,તા. ૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે શનિવારના રોજ ચકાસણીમાં ૪ ફોર્મ નિકળી જતા સોમવારના રોજ પરત ખેંચવાના અંતિમ દિવસે કોઈ ફોર્મ પરત ન ખેંચાતા દસ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. જેમાં ભાજપના ભોજાભાઈ મકવાણા, કોંગ્રેસના અશ્વિનભાઈ કોટવાલ, જી.પી.પી.ના છગનભાઈ સોલંકી, બીએસપીના રેસ્માભાઈ પારધી, રાષ્ટ્રીય સામ્યવાદી પક્ષના કાન્તીભાઈ પરમાર, કોમ્પ્યુનીષ્ટ પાર્ટી ઓફ ઈન્ડીયાના દેવાભાઈ ડાભી, સમાજવાદી પાર્ટીના ક્લેરેન્સ ડામોર, નેશનલ જનતાદળના સાયબા ડામોર અને આઈજેપીના સવજીભાઈ સોથા સામ-સામે બાથ ભીડશે.

## કંપની સમાચાર

### સંજય ફિલ્મ સ્ટુડિયોનું ઉદ્‌ઘાટન

સંજય ફિલ્મ સ્ટુડિયોનો અમદાવાદ નજીક સરખેજ-બાવળા હાઈવે રોડ ઉપર ચાંગોદર ખાતે ૨ ડિસેમ્બર રવિવારના રોજથી પ્રારંભ થયેલ છે. મ્યુઝીક ડાયરેક્ટર શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, નદિમ-શ્રવણ (મ્યુઝિક ડાયરેક્ટર) શ્રી શ્રવણ રાઠોડ, મુખ્ય મહેમાન તરીકે સુરમંદિર-આણંદના શ્રી જનક પટેલ, ગાયક શ્રી પ્રફુલ્લ દવે, દિપક એન્ટરટેઈન્મેન્ટ મુંબઈની બની રહેલ હિન્દી ફિલ્મ પેરેન્ટસની હીરોઈન ડોલી તોમર ઉપસ્થિત રહેલ. સ્ટુડિયોનું ઉદ્‌ઘાટન નિવૃત્ત આઈ.એ.એસ. ઓફિસર શ્રી ફતેહ સિંહજી જશોલના હસ્તે કરવામાં આવેલ. સંજય ફિલ્મ સ્ટુડિયોના પ્રમોટર શ્રી કિશોર આર. જાંગીડ અને દિપક કે. જાંગીડ દ્વારા આ સાહસનો પ્રારંભ કરવામાં આવેલ છે.

હવે ગુજરાતના પ્રોડ્યુસરોએ રેકોર્ડિંગ, ડબિંગ, એડિટીંગ તેમજ ફલોર શુટિંગ માટે મુંબઈ સુધી જવાની જરૂર નહિ રહે. અદ્યતન સુવિધા સાથેનો આ સ્ટુડિયો તમામ સગવડતાઓ ધરાવે છે. હિન્દી-ગુજરાતી ફિલ્મો, દસ્તાવેજી ફિલ્મો, ટીવી સીરીયલો, આલ્બમ, એડ્ ફિલ્મોનું શુટિંગ પણ હવે અહીં થઈ શકશે.

## ભાજપનું વચન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેર કરી છે તેમ ભાજપે પણ ૩૩,૦૦૦ કરોડના ખર્ચે વિવિધ યોજનાઓના માધ્યમથી મારા વિસ્તારમાં મારૂં મકાન યોજના જાહેર કરી છે અને પાંચ વર્ષમાં ૫૦ લાખ ઘર આપવાનું વચન આપ્યું છે. સરકાર ગ્રામીણ વિસ્તારમાં ૨૮ લાખ અને શહેરી વિસ્તારમાં ૨૨ લાખ પાકા મકાનો બનાવશે.

ભાજપે તેના સંકલ્પપત્રમાં યુવાનોને સ્વરોજગાર આપવા માટે બેન્કમાં ગેરંટર થવાની જવાબદારી ઉપાડી છે. ગુજરાતમાં હાલ ૧૫૦૦૦ મેગાવોટનું વીજ ઉત્પાદન છે તે પાંચ વર્ષમાં બમણું કરવાનો વાયદો પાર્ટીએ કર્યો છે. સરકારી નોકરીની વય મર્યાદા વધારીને ૩૦ વર્ષની કરવામાં આવશે.

મોદીએ કહ્યું હતું કે ગુજરાત ગ્લોબલ ઓટો હબ, ગ્લોબલ સોલાર એનર્જી હબ અને લોજીસ્ટિક ગેટ વે ટુ ઈન્ડિયા બનશે. ગુજરાતમાં પ્રથમવાર નાગરિકોના અધિકારોનું રક્ષણ કરતો સેવા અધિકાર કાયદો અમલી બનાવવામાં આવશે. ખેડૂતો માટે મોદીએ કહ્યું કે આવનારા પાંચ વર્ષમાં તમામ કૃષિ વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ પૂર્ણ કરવા યુદ્ધના ધોરણે કામગીરી કરાશે. ખેડૂતો તેમના સર્વે નંબર સ્વૈચ્છીક અદલાબદલી કરે તો સ્ટેમ્પડ્યુટીમાં રાહત મળશે. ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુએ કહ્યું હતું કે ૩૦ લાખથી વધુ યુવાનોને રોજગારી આપશે. રાજ્યના સુરત, વડોદરા અને ઉત્તર ગુજરાતમાં નવી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ બનાવશે. વનબંધુ યોજનામાં ૪૦ હજાર કરોડ, સાગરખેડૂમાં ૨૧ હજાર કરોડ અને શહેરી ગરીબ સમૃદ્ધિ યોજનામાં ૨૫ હજાર કરોડનો સરકાર ખર્ચ કરશે.

## ઉમેદવારો જંગમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિરીક્ષકોની હાજરીમાં કરી હતી. ચૂંટણી પંચના નિરીક્ષકોએ રાજકીય પક્ષોના ઉમેદવારો સાથે પણ બેઠક કરી અને આચારસંહિતાના અમલીકરણમાં કોઈજ કચાશ રખાશે નહિ તેમ સ્પષ્ટ જણાવ્યું હતું.


ઉમેદવારી પત્રો પાછા ખેંચયા બાદ દહેગામ બેઠક પર ૭, માણસા બેઠક પર ૭, ગાંધીનગર દક્ષિણ બેઠક પર ૭, ગાંધીનગર ઉત્તર બેઠક પર ૮ અને કલોલ બેઠક પર ૧૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના આજના અંતિમ દિવસે સૌથી વધુ ફોર્મ માણસા બેઠક પરથી પરત ખેંચાયા હતા. ૧૦ ઉમેદવારોએ આ બેઠક પરથી તેમની ઉમેદવારી પાછી ખેંચી હતી.

આ પછી ગાંધીનગર (ઉ) અને કલોલ બેઠક પરથી ૬-૬ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી હતી.

દહેગામ બેઠક પરથી ૪ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી હતી જ્યારે ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી એક માત્ર ઉમેદવારે તેમનું ઉમેદવારીપત્ર પાછુ ખેંચી લીધુ હતુ.

## શબ્દાવલી - ૪૯૧૩



### આડી ચાવી

૧. ઈંગ્લેન્ડમાં આવેલ ટેનિસનું મેદાન (૫)
૩. વરસાદના મોટા ટીપા (૨)
૫. ઓછું (૨)
૬. રાજગાદી, રાજ્યાસન (૪)
૯. બરફની શીલા (૪)
૧૦. ગડીયો, લાકડાનું રમકડું (૪)
૧૩. વાંક - ગુનાવાળું (૫)
૧૭. આધાર, નિર્ભર (૩)
૧૮. ગુંદર (૨)
૧૯. કીડી... માં રહે છે (૨)
૨૦. જીવ, આભા (૨)
૨૧. 'તડ' શબ્દ ઊંધો (૨)

### ઊભી ચાવી

૧. વિજય (જીત)ની યાદમાં ઊભો કરાયેલ સ્તંભ (૫)
૨. નકામી લાંબી વાતો (૫)
૩. કેન્સલ (૨)
૪. શ્રીરામની ચરિત્ર ગાથા (૪)
૭. ઓટોગ્રાફ (૨)
૮. નમનની મુદ્રામાં હાથ જોડવો તે (૪)
૧૧. મત આપનાર (૪)
૧૨. ગરદન (૨)
૧૪. સારૂં ન હોવું, તે તબિયત નાદુરસ્ત રહેવી (૩)
૧૫. ...ની સાસુ વઢીયારી (જબરી) હોય તેવી લોકવાયકા (૩)
૧૬. ખેલ (૩)
૧૭. અભિમાન, અહં (૨)

### શબ્દાવલી ૪૯૧૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિસામણ (૪) ઉણપ (૬) ચાનક (૭) મજા (૮) જાગરણ (૧૦) વિજ (૧૧) વ્યાકરણ (૧૩) મળસકુ (૧૬) હળ (૧૭) અંજળ (૧૮) આભા (૧૯) ખોજ (૨૦) તાજગી (૨૧) ફનકાર

**ઊભી ચાવી :-** (૧) વિચારવિમર્શ (૨) માન (૩) સકળ (૪) ઉજાગર (૫) પલાણ (૭) મજાક (૯) રણ (૧૧) જળ (૧૨) વ્યાકુળ (૧૪) સહભાગી (૧૫) હળદર (૧૭) અંજન (૧૮) આજ (૧૯) ખોફ